ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના કાર્યવાહક મંડળમાં સરકારી સભ્યોની સંખ્યા બાબત.......

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:-અવક/૧૦૨૦૧૪/મુમક/ડી.૨૫૭૩/જ,
સચિવાલય, ગાંધીનગર.

તા:- / /
02 MAR 2016

વંચાણમાં લીધા:-

૧. ગુજરાત વૈધાનિક અને સંસદીય બાબતોની વિભાગનો સન ૧૯૮૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક નં-૧૦ અંતર્ગત ઘડવામાં આવેલ ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અધિનિયમ,૧૯૮૫.

૨. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૭/૦૪/૧૯૯૭નું જાહેરનામું ક્રમાંક:જીએચએલ-૮-અવક-૧૦૯૭-ખા.૧૯/જ.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના અધિનિયમથી ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની રચના થયેલ હતી જેની કલમ ૫(૧) પ્રમાણે નિગમનું નિયામક મંડળ કૂલ ૧૫ ડિરેક્ટરોનું બનશે. જેમાં ત્રણ ડિરેક્ટરો સરકારી અધિકારીઓ હોવા જોઈએ અને બાકીના ૧૨ ડિરેક્ટરો બિન સરકારી હોવા જોઈએ. વંચાણે લીધેલ ક્રમ-૨ પરના આ વિભાગના તા:૧૭/૦૪/૧૯૯૭ના જાહેરનામાંથી ઉકત મંડળમાં સરકારી સભ્યોની સંખ્યા છ(૬) કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત નિગમના કાર્યવાહક મંડળમાં સરકારી સભ્યોની સંખ્યા ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અધિનિયમ,૧૯૮૫માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રણની (3) કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આથી પુખ્ત વિચારણાના અંતે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના નિયામક મંડળમાં સરકારી સભ્યશ્રી અંગેના વંચાણે લીધેલ ક્રમાંક નં-૨ ઉપરના જાહેરનામાં દર્શાવેલ છ(૬) સરકારી સભ્યશ્રીઓમાંથી નીચે મુજબના ત્રણ(3) સરકારી સભ્યશ્રીઓની નિમણૂંક હોદ્દાની રૂએ તાત્કાલિક અસરથી કરવામાં આવે છે. તેમજ બાકી સરકારી સભ્યોનું નામ આ મંડળમાંથી રદ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો | મંડળમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| ૨ | નાણાં સલાહકારશ્રી, નાણાં વિભાગ(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) | સભ્યશ્રી |
| ૩ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ | સભ્ય સચિવ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા:૨૬/૦૨/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર.મહેતા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.